# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૭/ક્વા-૦૨/૨૦૨૧-૨૨/ ૭૮૪૩-૪** **તારીખ : ૨૯ - ૧૨ - ૨૦૨૧**

**રજી. એડી. પત્ર**

**પ્રતિ,**
**પરસોત્તમભાઇ જેરામભાઇ રૂપાપરા**
**"રાધે", ૩/૪, જ્યોતિનગર, ક્રિસ્ટલ મોલ પાછળ, કાલાવડ રોડ,**
**મું. પો. : જૂની સાંકળી, તા. : જેતપુર , જી. : રાજકોટ,**
**પીન કોડ. : ૩૬૦૩૬૦**
**મોબાઈલ : ૯૪૨૮૨૮૮૯૫૫**

**વિષય :** સર્વિસ લાઇન બદલવા બાબત .

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૦૭-૦૯-૨૦૨૧.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૩૭/ક્વા-૦૨/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

**બિડાણ : ઉપર મુજબ.**

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જેતપુર.**
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જેતપુર ગ્રામ્ય.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

E-Mail- forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૩૭/ક્વા-૨/૨૧-૨૨/૯૮૪૩-૪ તા.૨૯-૧૨-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG- ૩૭/ક્વા-૨/૨૧-૨૨

| | |
|---|---|
| અરજદાર | : પરસોત્તમભાઈ જેરામભાઈ રૂપાપરા ગામ: જૂનીસાંકળી |
| પેટા વિભાગીય કચેરી | : જેતપુર ગ્રામ્ય |
| રજૂઆત કરનાર | : અરજદાર અરજદાર હાજર રહેલ નથી. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - જેતપુર |
| રજૂઆત કરનાર | : અરજદારની ફરિયાદનું સમાધાન થયેલ હોવાથી પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જેતપુર તરફથી કોઈ હાજર રહેલ નથી. |

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૨૨-૧૨-૨૧ (બુધવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી ૨૨-૧૨-૨૧ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ જેતપુર તાલુકાના જૂની સાંકળી – ચોકી મારગના સીમતળમાં અનુક્રમે (૧) પરસોતમભાઈ જેરામભાઈ રૂપાપરા ગ્રાહક નં. ૩૩૮૨૭/૦૦૪૦૭/૧ થી ૨૭.૫ હો.પા. નું વીજજોડાણ સર્વે ન. ૩૧૪/૧ માં તેમજ (૨) જયંતીલાલ જેરામભાઈ રૂપાપરા ગ્રાહક નં. ૩૩૮૨૭/૦૧૦૮૧/૦ થી ૫.૦ હો.પા.નું વીજજોડાણ સર્વે નં. ૩૧૪/૩ તથા અને (૩) લીલાવતી પી. રૂપાપરા ગ્રાહક નં.

૩૩૮૨૭/૦૧૧૨૧/૩ થી ૫.૦ હો.પા.નું એમ કુલ ત્રણ ખેતીવાડી વીજજોડાણો ધરાવે છે. સદર વીજજોડાણની સર્વિસ લાઈન જર્જરિત થઈ ગયેલ હોય અને ખુબજ જોખમકારક હોય બદલી આપવા તથા વધુ હોર્સપાવરનું ટ્રાન્સફોર્મર મૂકી ત્રણે વીજજોડાણને તેમાંથી પુરવઠો આપવા રજૂઆત કરેલ છે. અરજદાર વધુમાં જણાવે છે કે સદર ત્રણ વીજજોડાણ માંથી પહેલા બે વીજજોડાણ ને વીજપુરવઠો સર્વે નં. ૩૧૧ માં રહેલ વીજટ્રાન્સફોર્મર માંથી ૬-૭ વીજપોલ મારફત વર્ષોથી આપવામાં આવે છે. જે વીજલાઈનના વાયરો જર્જરિત અને જોખમકારક થઈ ગયેલ હોય ત્યાં નવું ૦૫ હો.પા. નું ટ્રાન્સફોર્મર મુકવામાં આવેલ છે. સદર ટ્રાન્સફોર્મર માંથી અનુક્રમ નં. ત્રણ માં વીજપુરવઠો આપવામાં આવે છે. વધુમાં તેઓના ઘરની ૨૦ હો.પા.ની મોટર ઓછો પાવર મળવાના લીધે તેમજ વારંવાર પાવર કટના લીધે બળી ગયેલ છે. જેથી સદર વીજ ટ્રાન્સફોર્મરનું વધુ લોડ (૩૭.૫ હો.પા.) નું કરી આપવામાં આવે તો વીજપુરવઠાની સમસ્યા હાલ થાય તેમ હોય અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદાર શ્રી પરસોતમભાઈ જેરામભાઈ રૂપાપરા ગામ:જૂનીસાંકળીની રજૂઆત સંભાળવા માટે તા.૨૨.૧૨.૨૦૨૧ ના રોજ ફોરમની મીટીંગમાં હાજર રહેવા જણાવેલ હતું. પરંતુ અરજદારનો મોબાઈલ પર સંપર્ક કરતા તેઓએ તેમના પત્ર તા.૨૬-૧૦-૨૦૨૧ અને તા.૧૭-૧૨-૨૦૨૧ થી જણાવેલ કે તેમના વીજજોડાણ નં - ૩૩૮૨૭/૦૦૪૦૭/૧ ૨૭.૫ હો.પા., જેન્તીલાલ જેરામભાઈ રૂપાપરા - ૩૩૮૨૭/૦૧૦૮૧/૦ ૫.૦ હો.પા., તેમજ લીલાવતી પી. રૂપાપરા ૫.૦ હો.પા., આ ત્રણેય જોડાણના ટ્રાન્સફોર્મર ચેન્જ કરી અને તેઓની માંગણી મુજબ ૬૩ હોપાનું ટ્રાન્સફોર્મર મુકેલ છે સદર પ્રક્રિયામાં એક જોડાણમાં વાયર ઓછો પડેલ છે, જે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ટુક સમયમાં બદલી કરી આપવામાં આવશે તેમ જણાવાયેલ છે. જે અન્વયે અરજદાર દ્વારા તા.૧૭-૧૨-૨૦૨૧ તેઓની ફરિયાદનું નિરાકરણ થયેલ હોવાનુ સમાધાન પત્ર રજુ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને ૩.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું પી.જી.વી.સી.એલ.કક્ષાએથી નિરાકરણ થયેલ હોવાનું – અરજદારનું લેખિત સમંતિપત્ર તા.૧૭-૧૦-૨૦૨૧ રજુ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કક્ષાએથી કંઈ કરવાનું રહેતું ન હોય,અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

Joshi. N.H.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન